અમરેલી, ભાવનગર અને બોટાદ જિલ્લાનો સંયુકત કૃષિ મહોત્સવ કાર્યક્રમ યોજાયો

અમરેલી, અમરેલી ખાતે આજે યોજાયેલ ૧૩ મા કૃષિ મહોત્સવ કાર્યક્રમમાં કેન્દ્રના કૃષિ રાજય મંત્રીશ્રી પરષોતમ રૂપાલા એ જણાવ્યુ હતુ કે, ખેડૂતોનો માલ યોગ્ય ભાવે વેંચાય તેના માટે ભારત સરકાર કટિબધ્ધ છે. આ માટે ચાલુ વર્ષે ગુજરાતના ખેડૂતોના મગફળી અને તુવેરના પાક માટે કેન્દ્ર સરકારે રૂપિયા બે હજાર કરોડ ફાળવ્યા છે. મંત્રીશ્રીએ ખેડૂતો માટે બનાવવામાં આવેલી યોજનાઓમાં લૂંટ ચલાવનારાઓને ઉઘાડા પાડવાની જવાબદારી ખેડૂતોની છે, તેમ જણાવી કેન્દ્ર - રાજય સરકાર દ્વારા ખેતી અને ખેડૂતોની સમૃધ્ધિ માટે અમલી બનાવવામાં આવેલ વિવિધ યોજનાઓનો મહત્તમ લાભ ખેડૂતો લે તે આજના સમયની માંગ છે, તેમ પણ ઉમેર્યું હતુ.

તેમણે સમગ્ર દેશમાં અમલી બનાવવામાં આવેલ પ્રધાનમંત્રી કૃષિ સિંચાઈ યોજનાનો ઉલ્લેખ કરતાં જણાવ્યું હતુ કે, આ યોજના અંતર્ગત દરેક જિલ્લાનો કૃષિ – સિંચાઈનો પ્લાન બનાવવામાં આવશે અને તેને અનુરૂપ ફંડ પણ કેન્દ્ર સરકાર આપશે.

રાજયમાં કપાસના મબલખ ઉત્પાદનના પગલે ભારત સરકારે કોટન માટેનું સેન્ટ્રલ ઓફ એક્સલન્ટ મંજુર કર્યું છે, જે આ વિસ્તારમાં થાય તે માટેના ઝડપી પ્રયાસો હાથ ધરાશે.

મંત્રીશ્રી રૂપાલાએ ખેતીની આવક બમણી કરવા માટે ખેતીની સાથે પશુપાલન એ મહત્વનો સ્ત્રોત છે, તેમ જણાવી પશુપાલકોને પશુઆહાર બાબતે યોગ્ય કાળજી રાખી વધુ દૂધ ઉત્પાદન થકી સમૃધ્ધ બનવા અનુરોધ કર્યો હતો.

રાજયના સામાજીક ન્યાય-અધિકારિતા વિભાગના મંત્રીશ્રી આત્મારામ પરમારે રાજયના કૃષિ વિભાગના એક લાખ જેટલા કર્મીઓ ઉનાળાની કાળઝાળ ગરમીમાં રાજયની કૃષિની કાયાપલટ કર્યા બાદ વધુ ઉજજવળ બનાવવા નિષ્ઠાથી કૃષિ મહોત્સવ -૨૦૧૭માં કાર્યરત થયા છે તેની સરાહના કરતા રાજયના કૃષિકારોને આધુનિક અને પ્રગતિશીલ ખેતી દ્વારાઓછા ખર્ચે વધુ ઉત્પાદન અને તે માટે રાજયસરકારની વિવિધ કૃષિલક્ષીયોજનાઓના અમલીકરણનો અભિગમ અપનાવ્યો છે. તેમ જણાવ્યુ હતું

વધુમાં તેમણે રાજયમાં કૃષિકારો માટે કૃષિમહોત્સવ જેવો સારો અને સહાયક અન્ય કોઇ કાર્યક્રમ ન હોઇ શકે તેવુ સ્પષ્ટતા જણાવતા મુખ્યમંત્રીશ્રી વિજયભાઇ રૂપાણીના નેતૃત્વમાં આ રાજય સરકારે કૃષિ માટે પર્યાપ્ત નાણાં ફાળવતા નિયમોમાં સુધારા કરી કૃષિકારોના પાકને રોઝ અને ભૂંડના ત્રાસથી બચાવવાનું બે વીજ જોડાણનું કાર્ય કરી લાગણીશીલ સંવેદનશીલ સરકારનું દાયિત્વ સુપેરે નિભાવ્યું છે.તેમ ઉમેર્યુ હતું

સૌની યોજનાને દિવ્ય સ્વપ્ન કહેનારાઓ આ યોજના થકી ભરાયેલા તળાવોને કારણે જે તે વિસ્તારના લાભાર્થીઓએ લાપસીના આંધણ મુકેલ તે હકીકત અજાણ નથી તેમ જણાવી અમારા માટે સત્તા લોકસેવાનું માધ્યમ છે ત્યારે સૌ સમર્થન આપે તેવી અપેક્ષા પણ વ્યકત કરી હતી.

કૃષિરાજયમંત્રી શ્રી વી.વી. વઘાસીયા એ જણાવ્યુ હતું કે,ગુજરાતના ખેડુતની આવક બમણી કરવા આધુનિક પધ્ધતિથી ખેતી થાય તેવા પ્રયાસો રાજયસરકારે હાથ ધર્યા છે. કૃષિમેળાઓના આયોજન દ?વારા રાજયના છેવાડાના ખેડુત સુધી આધુનિક ખેતીનો સંદેશ પહોંચાડવામાં આવી રહયો છે. તેમ જણાવતા કહયું કે ખેડુતોની સમસ્યા નિવારવાનો રાજય સરકારે પ્રયાસ કર્યો છે. જે ખેડુતના ખેતરમાંથી હાઇ ટેન્શન વીજ લાઇનો પસાર થતી હશે તેને અગ્રતાને ક્રમે વીજ કનેકશન આપવામાં આવશે, ખેડુતોની ખેતીને રંજાડતા ભૂંડ, રોજ વગેરે પશુઓથી ખેતીને બચાવવા વાયર ફ્રેન્સીગ ની પણ જોગવાઇ કરી છે. આવી માંગણી ૨૦ એકર જમીનમાં સામુહિક ધોરણે આપવાનું આયોજન કરવામાં આવ્યું છે. વાડી વિસ્તારમાં રહેતા ખેડુતોને સિંગલ ફેઈઝ વીજ જોડાણ આપવાનું કામ પણ સરકારે કર્યુ છે.

ઓડીએ વિરાટ કોહલીને ઓડી Q7 અર્પણ કરી

અમદાવાદ, જર્મન લકઝરી કાર ઉત્પાદક કંપની ઓડીએ ભારતીય ક્રિકેટ ટીમનાં કેપ્ટન વિરાટ કોહલીનો ઓડી ઊ પરિવારમાં સમાવેશ કર્યો છે. ઓડી ઈન્ડિયા અધ્યક્ષ રાહિલ અન્સારીએ એસયુવી આઈકોન ઓડી Q7 45 TDIની ચાવી વિરાટ કોહલીને અર્પણ કરી હતી.

સફેદ કલરની એસયુવીથી ખુશ વિરાટ કોહલીએ જણાવ્યું હતું કે, ‘ઓડીનો હુ વફાદાર ગ્રાહક છું. આ બ્રાન્ડ માત્ર શ્રેષ્ઠ પ્રોડક્ટો જ નહિં યુવા શક્તિને પણ વ્યક્ત કરે છે. ઓડી Q7 લાઈટવેઈટ, સ્પોર્ટી અને શક્તિશાળી છે. તેની સાથોસાથ તે લકઝરી પણ ઓફર કરે છે. મારા ગેરેજમાં આ કાર આવતા મને ઘણી ખુશી થઈ છે.’

ઓડી ઈન્ડિયા અધ્યક્ષ રાહિલ અન્સારીએ આ પ્રસંગે જણાવ્યું હતું કે, ‘ઓડી બ્રાન્ડ સ્પોર્ટી, પ્રોગેસિવ અને સોફિસ્ટકેટેડ ગુણો ધરાવે છે, જે વિરાટ કોહલીમાં પણ જોવા મળે છે. મહાનતાની શરૂઆત ત્યારે થાય છે કે જયારે તમે અટકતા નથી. વિરાટ કોહલી માત્ર ફિલ્ડ પરફોર્મન્સમાં જ નહિં, સમગ્ર વ્યક્તિત્વમાં પણ અદભૂતતતા ધરાવે છે. વિરાટ અમારા વફાદાર ગ્રાહક છે તેની પણ અમને ખુશી છે.’

ઓડી Q7 45 TDI એન્જિન ૨૪૯ રૅ પાવર અને ૬૦૦ હદ્ઘ ટોર્ક ધરાવે છે. તે માત્ર ૭.૧ સેકન્ડમાં ૦ થી ૧૦૦ કિમિ પ્રતિકલાકની ગતિ હાંસલ કરી શકે છે. ભારતીય બજારમાં તેની કિંમત રૂ. ૮૦,૯૫,૦૦૦ (એક્સ શોરૂમ-દિલ્હી) છે. (૨૨-૧)

ઈન્ડિયન ઓઈલનાં ચેરમેન શ્રી બી અશોકે કોકો મોરૈયા ખાતે એકસ્ટ્રા પાવરનું ઉદઘાટન કર્યું

IndianOil
XTRAPOW
द्वारा
श्री बी. अश
रमैन, इंडिय
सादर उपस्थि
श्री परिन्दु भ
निदेशक, इं
एवं
कुमार जैन,
रात राज्य क

અમદાવાદ, ઈન્ડિયન ઓઈલ કોર્પોરેશન લિ.નાં ચેરમેન શ્રી બી અશોકે આજે મોરૈયા ખાતે કંપનીની માલિકી અને સંચાલન હેઠળ(કોકો)નાં રિટેલ આઉટલેટ એકસ્ટ્રાપાવર સરાઈનું ઉદઘાટન કર્યું હતું. આ પ્રસંગે ઈન્ડિયન ઓઈલનાં સ્વતંત્ર ડાયરેક્ટર શ્રી પરિન્દુ ભગત અને ઈન્ડિયન ઓઈલની ગુજરાત રાજ્ય ઓફિસનાં એક્ઝિક્યુટિવ ડાયરેક્ટર શ્રી સંજીવ કુમાર જૈન પણ ઉપસ્થિત રહ્યા હતાં. એક્સ્ટ્રાપાવર સરાઈમાં એક્સ્ટ્રાપાવર ફલીપકાર્ડનાં સ્વરૂપનાં લોયલ્ટી પ્રોગ્રામનું સભ્યપદ ધરાવતા વાહનચાલકોને વિવિધ સુવિધાઓ પૂરી પાડશે.

આ સુવિધાઓમાં પાર્કિંગ સોસ, આરામ માટે ડોર્મિટરી સુવિધા, લોકર્સ, રમતગમત સાધનો, ટીવી જેવી મનોરંજનની સુવિધા, બાર્થીગ સુવિધાઓ, કપડાં ધોવા માટે વોશીંગ મશીન્સ વગેરેનો સમાવેશ થાય છે. જે નિઃશુલ્ક પૂરી પાડવામાં આવશે. આ ઉપરાંત ઢાબા અને સલુન તેમજ ક્લોક સીસીટીવી સુવિધાનો પણ સમાવેશ થાય છે. ઈન્ડિયન ઓઈલનું ગુજરાતમાં આવું પ્રથમ આઉટલેટ છે અને રાજ્યમાં હાઈવે પર આઠ આઉટલેટ ખોલવાનું કંપનીનું આયોજન છે.

ઈન્ડિયન ઓઈલનું દેશમાં આવું ૪૩મું આઉટલેટ છે અને આ વર્ષનાં અંત સુધીમાં ૧૦૦ સરાઈનું આયોજન છે. આવતા વર્ષનાં અંત સુધીમાં આ આંકડો ૨૦૦ને સ્પર્શે તેવી ધારણા છે.

આ પ્રસંગે ઈન્ડિયન ઓઈલનાં ચેરમેન શ્રી બી અશોકે જણાવ્યું હતું કે, ‘પેટ્રોલિયમ સેક્ટરનો સંબંધ છે ત્યાં સુધી ગુજરાત અમારા માટે મહત્વનું રાજ્ય છે. કંપની દ્વારા ગુજરાત રિફાઈનરીની ૧૩.૭ એમટીની ક્ષમતા વધારીને ૧૮ એમટી કરવામાં આવશે. આ ઉપરાંત અન્ય રોકાણોમાં Bs IV ફયુઅલથી Bs VI ફયુઅલ માટેનું રોકાણ પણ કરવામાં આવશે.’ (૨૨-૧)

“સાદ” ત્રિમાસીકનું વિમોચન

અમદાવાદઃ નવજીવન ટ્રસ્ટ અને સાબરમતી જેલના સંયુક્ત ઉપક્રમે છેલ્લાં એક વર્ષથી કેદી ઉત્થાનનું કામ થાય છે. જેલમાં રહેલા કેદીઓને જેલની અંદર પ્રવૃત્તિ મળે અને જયારે તેઓ જેલની બહાર પોતાની સજા પુરી કરી આવે ત્યારે તેમને રોજગારલક્ષી પ્રવૃત્તિ મળે તેવા પ્રયાસોં કરવામાં આવે છે. જેના ભાગરૂપે જ વિવિધ પ્રવૃત્તિઓ થાય છે. તે પૈકીની એક પ્રવૃત્તિ એટલે જેલના કેદીઓ ઉત્તમ પ્રકારનું સાહિત્ય પણ લખે, તેવા જ એક નાનકડા પ્રયાસને શબ્દદેહ મળ્યો જેમાં કેદીઓના લેખ. કવિતાઓ, ચિત્રો, ફોટાઓ અને પ્રવૃત્તિઓનો સમાવેશ કરવામાં આવ્યો છે.

આ સંપૂર્ણ સામયીક કેદી દ્વારા જ તૈયાર કરવામાં આવ્યુ છે.જેનું પ્રકાશન કાર્ય નવજીવન ટ્રસ્ટ દ્વારા કરવામાં આવ્યું છે. આ પહેલા સાદ ત્રિમાસીક વિમોચન ગુજરાતની જેલના વડા ડી.એસ. બીષ્ટના હસ્તે રાખવામાં આવ્યુ છે.

ફયુચર જનરલી ઈન્ડિયા ઈન્સ્યોરન્સે બાહુબલી ૨ : ધ કન્ક્લુઝનનો રૂ. ૨૦૦ કરોડનો વીમો ઉતાર્યો

ફયુચર જનરલી ઈન્ડિયા ઈન્સ્યોરન્સ કંપની લિમિટેડ (એફજીઆઈએલ)એ જણાવ્યું હતું કે તેણે તેના ફિલ્મ પેકેજ ઈન્સ્યોરન્સ પ્રોડક્ટ ફયુચર સિને સુરક્ષા હેઠળ બાહુબલી ૨: ધ કન્ક્લુઝનનો રૂ. ૨૦૦ કરોડનો વીમો ઉતાર્યો છે. એફજીઆઈએલ એક જનરલ ઈન્સ્યોરન્સ કંપની છે, જે ભારતમાં રીટેલ ટ્રેડમાં ગેમ ચેન્જર ફયુચર ગ્રૂપ અને ૧૮૬ વર્ષ જૂની વૈશ્વિક વીમા કંપની જનરલી વચ્ચેનું સંયુક્ત સાહસ છે.

બાહુબલી ૨: ધ કન્ક્લુઝન એસ. એસ. રાજામૌલી દ્વારા દિગ્દર્શિત અને શોબુ યરલગડા તથા પ્રસાદ દેવિનેનિ દ્વારા નિર્મિત એક ભારતીય પૌરાણિક ઐતિહાસિક ફિક્શન ફિલ્મ છે. તે બાહુબલી : ધ બિગિનિંગનો આગળનો ભાગ છે. આ ફિલ્મ શ્રેણી ભારતમાં અત્યાર સુધીના ઈતિહાસમાં સૌથી ખર્ચાળ ફિલ્મ છે.

એફજીઆઈઆઈએ પ્રી-પ્રોડક્શનથી પોસ્ટ પ્રોડક્શનના તબક્કા દરમિયાન ફિલ્મ સંબંધિત જોખમોનો વીમો ઉતાર્યો હતો. તેણે મૃત્યુ, કલાકારની બીમારી અથવા કુદરતી આપત્તિઓ અથવા અકસ્માતથી નુકસાનના કારણે ફિલ્મ શેડ્યુલમાં વિલંબ થવા સામે વીમો ઉતાર્યો હતો. આ વીમામાં ફિલ્મના શૂટિંગ દરમિયાન અકસ્માતથી ઈક્વિપમેન્ટને નુકસાન સામેનું કવરેજ પણ આવરી લેવાયું હતું. વધારામાં ફયુચર જનરલીએ પોલિસીના સમય દરમિયાન શૂટિંગના પરીસરમાં અકસ્માતથી શારીરિક ઈજા અથવા મિલકતને નુકસાન થાય તો થર્ડ પાર્ટી સિવિલ ક્લેઈમ્સના વળતરની ચૂકવણીની કાયદેસરની જવાબદેયિતા સામેના વીમા કવચને પણ આવરી લીધું છે. (૧૬)

ગુલમહોરી સાંજ નો મિજાજ ‘સ્વરોત્સવ’ સાંસ્કૃતિક ઉત્સવ નું અમદાવાદ ખાતે આયોજન કરવામાં આવ્યું છે

અમદાવાદ, સ્વર, શબ્દ, સાહિત્ય અને સ્વાદ નો અનોખો મેળો એટલે સ્વરોત્સવ. ૧૧મી મે ગુરૂવાર ના રોજ સર્વશ્રી મિલિંદ ગઢવી, કિરણસિંહ ચૌહાણ, પ્રણવ પંડ્યા, અંકીત ત્રીવેદી અને પદ્મશ્રી ભીખુદન ગઢવી દ્વારા કાવ્યપાઠ કરવામાં આવયું હતું. અને સુરેશ દલાલ દ્વારા આસ્વાદ કરાયું જેમાં લોકો એ ખૂબજ ઉત્સાહ પૂર્વક ભાગ લીધો હતો.

આયોજક અંકીત ત્રીવેદી અને મનીશ ભાઈ ના જણાવ્યા મુજબ ગુજરાતી લોકસંગીત આજની યુવાપેઢી માં વિસરાતું જાય છે અને એજ કારણે યુવાઓ ને ખબર પડે કે આપણું લોકસંગીત કેટલું રમણીય છે તે હેતું થી સ્વરોત્સવ નું આયોજન કરવામાં આવેલ છે.

૧૩મી મે શનીવાર ના રોજ પદ્મશ્રી ગુણવંત શાહ અને વિનોદ ભટ્ટ દ્વારા વાત-મુલાકાત અને ઓસમાણ મીર દ્વારા આસમાની સંગીત રજૂ કરાશે. (૧૩-૯)

તાપી જિલ્લામાં ઉજજવલા યોજના હેઠળ ૧૯૧૫૯ ગેસ કનેકશન આપવામાં આવ્યા

વ્યારાઃ વડાપ્રધાન ઉજજવલા યોજના અંતર્ગત તાપી જિલ્લામાં હાલ સુધીમાં ૧૯૧૫૯ ગેસ કનેકશન જિલ્લાના બી.પી.એલ લાભાર્થીઓને આપવામાં આવ્યા હોવાનું જિલ્લાના નોડલ ઓફિસર અને હિન્દુસ્તાન પેટ્રોલિયમ કોર્પોરેશનના ડેપ્યુટી સેલ્સ મેનેજર અજય પાલીવાલ તરફથી જણાવાયું છે.

પી.એમ.યુ.વાય યોજના હેઠળ ગ્રામ ઉદયથી ભારત ઉદય અભિયાન હેઠળ તાપી જિલ્લામાં કુલ ૯૨૮૮૬ લાભાર્થીઓ પૈકી ૨૧૬૭૬ લાભાર્થીઓની કે.વાય.સી પૂર્ણ કરવામાં આવી છે. જે પૈકી ૧૯૧૫૯ લાભાર્થીઓને ગેસ કેનેકશન આપી દેવામાં આવ્યા છે.

દેશના વડાપ્રધાન નરેન્દ્રભાઇ મોદી દ્વારા મે-૨૦૧૬થી મહિલાઓને રસોઇ કરતી વખતે ધુમાડાને લીધે પડતી તકલીફોથી મુક્તિ અપાવવા માટે બી.પી.એલ લાભાર્થીઓને વિનામૂલ્યે ગેસ કનેકશન આપવામાં આવી રહ્યા છે. તાપી જિલ્લા વહીવટીતંત્રના વડા કે.એન ડામોર અને જિલ્લા પુરવઠા અધિકારી બી.કે પટેલ દ્વારા જિલ્લાના આઠ ગેસ ડીસ્ટ્રીબ્યુટર્સ સાથે સૂચારૂ સંકલન કરીને વધુમાં વધુ લક્ષ્યાંક હાંસલ કરવા માટે સઘન પ્રયાસો કરવામાં આવી રહ્યા છે.

જિલ્લાની તમામ આઠે આઠ ગેસ એજન્સીઓમાં આ અંગેના જરૂરી નિયત નમૂનાના ફોર્મ્સ વગેરેનો પુરતો જથ્થો ઉપલબ્ધ કરાવવામાં આવ્યો છે. તમામ એજન્સીઓ દ્વારા આ યોજનાને પ્રધાન્ય આપી સરાહનીય કામગીરી કરવામાં આવી રહી છે. મુખ્યત્વે આદિવાસી વસતિ ધરાવતા તાપી જિલ્લામાં ઉજજવલા યોજનાથી ગેસ કનેકશન મળવાને કારણે લાકડા, કોલસા અને કેરોસીન વગેરેમાંથી મુક્તિ મળવાથી અહીંના લાભાર્થીઓ માટે આ યોજના આશિર્વાદરૂપ સાબિત થઇ રહી છે.

મધર્સ ડે નિમિત્તે, ‘શાનદાર’ માતાથી હવે ‘સુસજ્જ’ માતા બનવા પ્રયાસ કરો

અમદાવાદ, સદીઓથી, માતાઓ પોતાના ઘરોમાં ઉત્તમ સ્વાસ્થ્ય અને પોષક ભોજનની આદતો માટે કાર્યરત રહે છે. પણ આ જવાબદારી પૂરી કરતા તે ઘણીવાર પોતાના આરોગ્યની કાળજી લેવાનું વીસરી જતી હોય છે. આથી આ મધર્સ ડે નિમિત્તે, ચાલો આપણે માતાને એક અનોખી ભેટ આપીએ અને તેમને યાદ અપાવીએ કે તે પણ આરોગ્યપ્રદ જીવનશૈલી અને પોષક ભોજન અપનાવે. જેથી તેમનું સ્વાસ્થ્ય ઉત્તમ રહી શકે. આ માટે એક નાનું પરિવર્તન લાવવાનું છે જેમાં મુઠ્ઠીભર બદામ ખાવાની તેમણે શરૂઆત કરવાની છે. જેના કારણે તેમને દરરોજ કુદરતી રીતે પોષકદ્રવ્યો મળી રહે છે. બદામ (આલમન્ડ) એ અનેક પોષક દ્રવ્યોનો સ્ત્રોત છે જેમકે વિટામીન ઈ, ડાયેટરી ફાઈબર, કેલ્શિયમ અને પ્રોટીન તેમાં સામેલ હોય છે જે તમને દિવસભર સક્રિય રહેવામાં મદદરૂપ થાય છે. આ ઉપરાંત, એ પણ આવશ્યક છે કે નિયમિત કસરત કરવામાં આવે. સારી ભોજન આદતોની સાથે જો કસરત પણ કરવામાં આવે તો માતા માત્ર ફેબ્યુલસ (શાનદાર) માતા જ નહીં પણ ફિટ (સુસજ્જ) માતા પણ આરોગ્યની દૃષ્ટિએ બનશે.

અમદાવાદ સ્થિત ન્યુટ્રીશનિસ્ટ કોમલ પટેલના કહેવા પ્રમાણે આરોગ્યપ્રદ ભોજન અને નિયમિત કસરતનો જીવનમાં ઉમેરો કરવાથી પરિવર્તન લાવી શકાય છે અને તેમાં સ્નેકિંગ હેબિટ્સ પર ધ્યાન આપવાની જરૂર છે. તેમણે કહ્યું હતું, ‘સ્માર્ટસ્નેકિંગ એ એક ચાવીછે. રસપ્રદ રીતે, એક સર્વે પ્રમાણે કે જે ન્યુ ઈંગ્લેન્ડ જર્નલમાં પ્રકાશિત થયો છે તેના પ્રમાણે એવા લોકો કે જેઓ બદામ જેવા નટ્સનું સેવન સપ્તાહમાં સાત વખત સેવન કરે છે તેઓમાં મૃત્યુદર (કોઈપણ કારણસર મૃત્યુ) ૨૦ ટકા જેટલો ઘટે છે. જે લોકો નટ્સ નથી આરોગતા તેમના પ્રમાણમાં આ દર ઘણો ઓછો છે. આમ સ્નેકિંગમાં બદામનો ઉમેરો કરવાથી બે ભોજન વચ્ચેના સમયમાં બિનઆરોગ્યપ્રદ ચીજો ખાવાથી બચી શકાય છે. જેના કારણે જીવનમાં આરોગ્યપ્રદ વળાંક આવશે.’ (૧૯-૧૦)

‘વુમન એમ્પાવરમેન્ટ એન્ડ સસ્ટેનેબલ ડેવલપમેન્ટ ગોલ’ ઉપર વર્કશોપ યોજાયો

SUSTAINABLE DEVELOPMENT GOALS
Sri Lanka Unite
ship Organisation Presents
Women E
rment & SDG
Sri Lanka
30th April,
2017
Venu

શ્રી લંકા યુનાઈટેડ નેશન્સ ફ્રેન્ડશીપ ઓર્ગેનાઈઝએશન (સનફો)એ ડબલ્યુપીડીઓના સહયોગથી ૩૦મી એપ્રિલ, ૨૦૧૭ના રોજ ઓડિટોરિયમ ઓફ નેશનલ મ્યુઝિયમ - સર માર્કસ ફર્નાન્ડો મવાથા ખાતે વુમન એમ્પાવરમેન્ટ એન્ડ સસ્ટેનેબલ ડેવલપમેન્ટ ગોલ ઉપર એક દિવસીય વર્કશોપનું આયોજન કર્યું હતું.

આ એક દિવસીય કાર્યક્રમની યજમાની પ્રોફેસર ડો. સર જીડી સિંઘ (ડબલ્યુપીડીઓના સ્થાપક અને પ્રેસિડેન્ટ) તથા ડો. સર દેશપ્રિય વિજેતુંગે દ્વારા કરવામાં આવ્યું હતું. કાર્યક્રમના ઉદ્ઘાટન બાદ ઉપસ્થિત મહેમાનોનું સ્વાગત કરવામાં આવ્યું હતું, જે પછી ડબલ્યુપીડીઓનું વર્ષ ૨૦૧૭-૧૮ માટે સસ્ટેનેબલ ડેવલમેન્ટ ગોલ કેલેન્ડર, સનફો સોસાયટી લીડરશીપ વુમન એમ્પાવરમેન્ટ પ્રોગ્રામની જાહેરાત કરાઈ હતી. ત્યારબાદ જાણીતા વક્તાઓએ પ્રેઝન્ટેશન આપ્યું હતું અને ડબલ્યુપીડીઓએ વુમન એક્સલન્સ એવોર્ડ્સની જાહેરાત કરી હતી.

ઉલ્લેખનીય છે કે શ્રી સુમેધા જી જયસેના (એમપી, ડેપ્યુટી મિનિસ્ટર – મિનિસ્ટ્રી ઓફ સસ્ટેનેબલ ડેવલપમેન્ટ એન્ડ વાઈલ્ડલાઈફ) દ્વારા કાર્યક્રમનું ઉદ્ઘાટન કરાયું હતું. સમાજ પ્રત્યે તેમના મૂલ્યવાન યોગદાન બદલ ડબલ્યુપીઓના હાઈએસ્ટ એવોર્ડ સર્ટિફિકેટ અને પ્લેકથી તેમનું સન્માન કરાયું હતું. મહત્વપૂર્ણ છે કે શ્રી લંકન મિનિસ્ટ્રી ઓફ સસ્ટેનેબલ ડેવલપમેન્ટ એન્ડ વાઈલ્ડલાઈફ પોતાના પ્રકારનું પ્રથમ મંત્રાલય છે કે સસ્ટેનેબલ ડેવલપમેન્ટ ડિવિઝન પ્રતિબદ્ધ છે. (૨૦-૪)

ઓનલાઈન પેમેન્ટ કરનારાના નાણાં હજુ જમા બતાવતા નથી

અમદાવાદ, મ્યુનિસિપલ કોર્પોરેશન દ્વારા તેના તમામ ૪૨ વિભાગોની કામગીરીને ઓનલાઈન કરવાના આશયથી રૂપિયા ૩૬ કરોડની કીમતનો એક પ્રોજેક્ટ ટી.સી.એસ.કંપનીને આપવામાં આવ્યો હતો.પરંતુ ૩ વર્ષ બાદ પણ હજુ નવા છબરડા તેના સોફટવેરની ખામીને લઈને બહાર આવી રહ્યા છે.આ વખતે ઓનલાઈન પેમેન્ટ કરનારાઓના નાણા સિસ્ટમમાં જમા ન થતા હોવાનો નવો વિવાદ ઉઠવા પામ્યો છે.આ અંગેની વિગત એવી છે કે,પૂર્વ કમિશનર ડી.તારા.અને પૂર્વ ડેપ્યુટી કમિશનર ડી.પી.દેસાઈના કાર્યકાળ સમયે તાતા કન્લટન્સી સર્વિસને ૩૬ કરોડના ખર્ચે મ્યુનિસિપલ કોર્પોરેશનની તમામ સર્વિસિસને ઓનલાઈન કરવા માટેની કામગીરી સોંપવામાં આવી હતી.મ્યુનિસિપલ તંત્ર દ્વારા અમદાવાદના નિયમિત કરદાતાઓ માટે એડવાન્સ કર ભરવા સામે ૧૦ ટકા રીબેટ આપવાની હાલ યોજના અમલમાં છે.તેવા સમયે કેશલેસ અર્થ વ્યવસ્થાના ભાગરૂપે જે કરદાતાઓ તેમનો કર ઓનલાઈન ભરપાઈ કરી રહ્યા છે.તેમણે ભરેલા નાણાં સિસ્ટમમાં જમા ન થતા હોવાના અને બીલની રકમમાં ઉમેરાઈને આવતા હોવાની ઘટના પ્રકાશમાં આવવા પામતા તંત્રના અધિકારીઓ પણ ચોંકી ઉઠયા છે.સત્તાવારસૂત્રોમાંથી મળતી માહીતી અનુસાર,ભુલ કંપનીના સોફટવેરની છે.અને જવાબ તેમને આપવા પડી રહ્યા છે.ટીસીએસ દ્વારા આ પહેલી વખતનો છબરડો છે.એમ પણ ન હોવાનું કહી સૂત્રોએ કહ્યું છે કે,એક વર્ષ પૂર્વે શહેરના વસ્ત્રાલ સિવિક સેન્ટર ઉપર ટેકસનું કૌભાંડ બહાર આવવા પામ્યું હતું.જેમાં રૂપિયા ૫૦ લાખ સુધીના ટેકસની રકમની સોફટવેરની કરામતની મદદથી ઘટ કરી દેવામાં આવી હતી.

મુખ્યમંત્રીશ્રીનો મે-૨૦૧૭ માસનો ફરિયાદ નિવારણ કાર્યક્રમ

રાજકોટ, રાજયના મુખ્યમંત્રીશ્રી તરફથી રાજયના નાગરિકોની ફરિયાદોના નિવારણ માટે જિલ્લા કક્ષાએ યોજાનાર મે-૨૦૧૭ માસનો “ફરિયાદ નિવારણ કાર્યક્રમ” તા.૨૫-૦૫-૨૦૧૭નાં રોજ યોજાશે, આ કાર્યક્રમમાં અરજી મોકલનાર નાગરિકોએ તેમની અરજીના મથાળે “જિલ્લા ફરિયાદ નિવારણ કાર્યક્રમ” લખવાનું રહેશે.

(૧) મહેસુલી તંત્ર (૨) જિલ્લા પંચાયત (૩) પોલીસ વિભાગ (૪) ગુજરાત વિદ્યુત બોર્ડ (૫) એસ.ટી. (૬) પાણી પુરવઠા બોર્ડનાં પ્રશ્નો જિલ્લા કલેકટર કચેરી, રાજકોટ ખાતે તા.૨૫-૦૫-૨૦૧૭નાં રોજ સવારનાં ૧૧.૦૦ કલાકે કચેરીનાં સભાખંડમાં સંબંધિત ખાતાનાં અધિકારી અને કલેકટરશ્રી સાંભળશે. આ સિવાયના અન્ય ખાતાના પ્રશ્નોની ચર્ચા કલેકટર કચેરી ખાતે થશે નહી. આ સિવાયનાં પ્રશ્નો માટે જિલ્લામાં આવેલી જે તે ખાતાની જિલ્લા કક્ષાની કચેરીમાં તે જ દિવસે ફરીયાદ નિવારણ કાર્યક્રમ અંતર્ગત જિલ્લા અધિકારીઓ પ્રશ્નોનો નિકાલ કરશે.

પનામા પેટ્રોકેમ લીમીટેડ

રજી. ઓફીસ : પ્લોટ નં૦૩૩૦૩, જીઆઈડીસી એસ્ટેટ,
અંકલેશ્વર - ૩૯૩૦૦૨.
કોર્પોરેટ ઓફીસ : ૪૦૧, અઝા હાઉસ,૨૪, ટર્નર રોડ,
મુંબઈ - ૪૦૦ ૦૫૦.
વેબસાઈટ : www.panamapetro.com
સીન નં. : L23209GJ1982PLCOO5062

નોટીસ

સેબીના ૨૦૧૫ના નિયમ (લીસ્ટીંગ ઓબ્લીગેશ એન્ડ ડીસ્કલોઝર રીક્વરમેન્ટ) ના નિયમ ૪૭ સાથે નિયમ ૨૯ સાથે વાંચતા આથી અહીં નોટીસ આપવામાં આવે છે કે કંપનીના બોર્ડ ઓફ ડાયરેકટરની બેઠક તા.૩૦મી મે,૨૦૧૭નો રોજ તા.૩૧મી માર્ચ ૨૦૧૭ના રોજ પુરા થતાં ત્રિમાસિક પરિણામો અન ઓડીટેડ ફાઈનાન્સીયલ પરિણામની વિચારણા તથા મંજુરી માટે મળશે.
આ સુચના સ્ટોક એક્ષચેન્જને આપી દેવામાં આવી છે અને તે કંપનીની વેબસાઈટ www.panamapetro.com. અને સ્ટોક એક્ષચેન્જ બીએસઈની વેબસાઈટ www.bseindia.comતથા એનએસઈ ની વેબસાઈટ www.nseindia.com પર પણ જોઈ શકાશે.

બોર્ડના હુકમથી
પનામા પેટ્રોકેમીકલ લીમીટેડ વતી
એસડી/-
ગાયત્રી શર્મા
કંપની સેક્રેટરી

સ્થળ : મુંબઈ
તારીખ : ૧૨.૦૫.૨૦૧૭

Crestchem Limited

Reg. office : Sr. No.550/1, Sub Plot No. 12, Village – Indrad, Taluka – Kadi, District – Mehsana, Pin code – 382715, Gujarat
Phone : +91–9409119484 Email : info@crestchemlimited.in
CIN Number : L24100GJ1991PLC015530
www.crestchemlimited.in

Pursuant to Regulation 29 read with Regulation 47 of SEBI (LODR) Regulation 2015,Notice is hereby given that a Meeting of the Board of Directors of the Company (vide serial no. CREST/BM/Q1/17-18/1) will be scheduled to be held on Tuesday, the 30th Day of May, 2017 at 05.00 p.m. at registered office of the Company Sr. No.550/1, Sub Plot No. 12, Village – Indrad, Taluka – Kadi, District – Mehsana, Pin code – 382715, Gujarat.

To consider and inter alia to approve the Audited Financial Result of the Company for the period ended on 31-03-2017 and to decide the date of Annual General Meeting and any other matter with the permission of chair.

The trading window under SEBI(Prohibition of insider trading)Regulations,2015 shall remain closed for all designated person (as defined code) from 6.00 p.m. on May 24th, 2017 and will end 48 hours after the results are made public on May 30th, 2017.

For, on the behalf of the board
Sd/-
DIPAK PATEL
(MANAGING DIRECTOR)

Place : Kadi (Indrad)
Date : 12-05-2017

પ્રતિકાત્મક કબ્જા નોટીસ

ICICI Bank
ICICI Bank Limited
આઈસીઆઈસીઆઈ બેંક લીમીટેડ

રજિસ્ટર્ડ ઓફિસ : આઈસીઆઈસીઆઈ બેંક ટાવર, ચકલી સર્કલ પાસે, જુના પાદરા રોડ, વડોદરા - ૩૯૦૦૦૭, ગુજરાત.
કોર્પોરેટ ઓફિસ : આઈસીઆઈસીઆઈ બેંક ટાવર્સ, બાન્દ્રા-કુર્લા કોમ્પલેક્ષ, બાંદ્રા (ઈ), મુંબઈ - ૪૦૦૦૫૧.

આથી સિક્યુરાઈઝેશન રિકંસ્ટ્રક્શન ફાઈનાન્સ એસેટ એન્ડ ઈનફોર્મ્સમેન્ટ ઓફ સિક્યુરિટી ઓફ ઈન્ટરેસ્ટ એક્ટ, ૨૦૦૨ અને સિક્યુરિટી ઈન્ટરેસ્ટ ઈન્ફોર્સમેન્ટ ૨૦૦૨ની કલમ ૧૩ (૧૨) તેની સાથે અનુચ્છેદ ૩ સાથે વાંચતા મળેલી સત્તાની રૂએ અહી નીચે સહી કરનાર આઈસીઆઈસીઆઈ બેંકના સત્તાવાર અધિકારીએ નીચે જણાવેલ લોકોને માંગણા નોટીસ આપી છે. આ નોટીસ આપ્યાથી ૬૦ દિવસની અંદર અહીં દર્શાવેલા નાણા ભરી જવા જણાવવામાં આવે છે.
કરજદારો નાણા ચૂકવવામાં નિષ્ફળ ગયા છે. આથી કરજદારો અને સામાન્ય જનતાની જાણ માટે નીચે જણાવેલા અધિકારીએ અહી જણાવેલી મિલ્કતનો પ્રતિકાત્મક કબ્જો લીધો છે જે કલમ ૧૩ (૪) અનુચ્છેદ ૮ સાથે વાંચતા મળેલી સત્તાની રૂએ કાર્યવાહી કરી છે. કરજદારો અને સામાન્ય જનતાને આથી ચેતવણી આપવામાં આવે છે કે આઈસીઆઈસીઆઈ બેંક લીમીટેડ પાસે આ મિલ્કત ટાંચમાં હોય કરજદારો અને સામાન્ય જનતાએ કોઈ પણ પ્રકારનો વ્યવહાર કરવો નહીં.

ક્રમ નં.	કરજદારનું નામ / લોન એકાઉન્ટ નંબર	મિલ્કતની વિગત / પ્રતિકાત્મક કબ્જાની તારીખ	ડિમાંડ નોટીસની તારીખ / ડિમાંડ નોટીસની રકમ (રૂ)	શાખાનું નામ
1.	ગોપી ગૌરવ શાહ/ગૌરવ હસમુખભાઈ શાહ- LBABD00001976600	ઓફીસ નં.૧૧, આમ્રપાલી એકઝીમ, ચાર રસ્તા, એસ.પી.રીંગ રોડ, રીલાયન્સ પેટ્રોલ પંપની સામે, સર્વે નં.૧૮૮/૧, બોપલ, મોજે આંબલી, અમદાવાદ-૩૮૦૦૬૦/ ૯ મે,૨૦૧૭	૩૧ જાન્યુ, ૨૦૧૭ રૂા. ૧૩,૬૬,૫૧૫.૦૦/-	અમદાવાદ

ઉપર જણાવેલા કરજદાર(રો)/ જામીનદાર(રો)અહી બાકી નાણાં પરત કરી જવા માટે ૩૦ દિવસની નોટીસ આપવામાં આવે છે. નહીં તો કલમ ૮ અને ૯ સિક્યુરિટી ઈન્ટરેસ્ટ (ઈન્ફોર્સમેન્ટ) રૂલ, ૨૦૦૨ની જોગવાઈ મુજબ જામીન તરીકે મુકેલી મિલ્કત આ નોટીસ પ્રસિદ્ધ થયાનાં ૩૦ દિવસ બાદ વેચી દેવામાં આવશે.

સહી/-
ઓથોરાઈઝડ ઓફિસર
આઈસીઆઈસીઆઈ બેંક લીમીટેડ

તારીખ : ૧૩ મે, ૨૦૧૭
સ્થળ : અમદાવાદ

સૂચના

કૃપા કરી આપની જાહેરખબર
તથા સમાચાર અમારા
નિમ્નલિખિત
ઈ-મેલ પર જ મોકલશો :
lokmitra1948@gmail.com